Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# સત્ય, અહિંસા અને સત્યાગ્રહના સેવક ગાંધીજી

**ભૂમિકા બી. વસાવા**
પીએચ.ડી. સ્કોલર, ઇતિહાસ વિભાગ, સરદાર પાટેલ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર મો.
૮૨૩૮૭૧૧૨૪૩

**સારાંશ** : ગાંધીજી આજે હયાત નથી પરંતુ આજે પણ તેમનાં સિદ્ધાંતો અને મૂલ્યો અસ્તિત્વ ધરાવે છે. ગાંધીજીએ સત્ય અને અહિંસા ને એકાદશી વ્રતમાં પણ સામેલ કર્યા હતા. ગાંધીજી એ સત્ય અને અહિંસાના પાઠ દેશ અને દુનિયાને પણ શીખવ્યા હતા. તેઓ સત્યના આગ્રહી હતા. સત્યને ઈશ્વર માનતા હતા સત્ય તેમના માટે સર્વોપરી સિદ્ધાંત હતો સત્યની ખોજમાં તેઓ તેમની પ્રિય વસ્તુની બલિ પણ આપી દેતા. સત્ય અને અહિંસાનાં પથ પર દેશ સ્વતંત્ર બને એવું તેઓ ઇચ્છતા હતા. ગાંધીજીનાં મતે, અહિંસા એ આચરણ નથી પરંતુ મનની વૃત્તિ છે. આ વૃત્તિમાં કોઇપણ પ્રકારનો દ્વેષ ન રહે તે અહિંસા. સત્ય અને અહિંસા સિક્કાની બે બાજુઓ છે. સત્ય એ અહિંસાની જ પરાકાષ્ઠા છે. સત્યાગ્રહ ગાંધીજીની વિચારધારાનો મુખ્ય ભાગ હતો. તેઓ માનતા હતા કે હિંસા નો માર્ગ અપનાવવા કરતા સત્યાગ્રહ દ્વારા પોતે કષ્ટ સહીને શત્રુને આપણી વાત માનવા તૈયાર કરી શકાય. તેમની રાજનીતી સત્ય અને અહિંસાનું દર્પણ કહી શકાય. તેમનું વ્યક્તિત્વ જોઇને કોઇપણ વિચારી શક્યું ન હતું કે તેઓ એમના વિચારોથી ભારતમાં આટલી મોટી ક્રાંતિ લાવી દેશ. તેઓ સિદ્ધાંત સ્વરૂપે જે પણ કહેતા તે અમલમાં પણ લાવતા હતા.

**પ્રસ્તાવના** :

ગાંધીજી તેમના મૃત્યુના વર્ષો પછી પણ આપની વચ્ચે પ્રાસંગિક રહ્યા છે, કારણ કે ગાંધીવિચાર શાશ્વત મૂલ્યો પર આધારિત છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે પણ વિશ્વશાંતિ માટે ગાંધી ચિંધ્યા માર્ગે ચાલ્યા સિવાય છૂટકો નથી. ગાંધીજીના ચારિત્ર્યમાં એવું શું હતું કે જેનાથી એમનામાં એવી મહાનતાનું આરોપણ થાય છે? તેઓ કેવળ એક મહાન વ્યક્તિ જ નહોતા, તેઓ મહાપુરુષ અને સત્યાપુરુષ બંને હતા. તેઓ બુરાઈ સામે લડવામાં અત્યંત કઠોર હતા. તેઓ જ્યાં અસત્ય, અન્યાય અને દમન જોતા ત્યાં ત્યાં તેમની સામે લડવા તત્પર થઇ જતા હતા. પણ, લડવાની તેમની રીત તદ્દન જુદી હતી. તેઓ સત્ય અને અહિંસાના બળથી આ બુરાઈઓ સામે ઝૂઝતા હતા. તેઓ કહેતા કે, "આપણું લક્ષ્ય વિરોધીને દબાવવાનું નહિ, પણ તેને ઊંચે ચડાવવાનું છે તેથી આપણો માર્ગ પ્રેમનો અને મૈત્રીનો હોવો જોઈએ. બૂરાઈ સામે ઝૂઝશું, પણ બૂરાની સાથે તો બૂરા તો નહીં જ બનીએ. બૂરાને આપણે ભલો બનાવવાનો પ્રયત્ન કરીશું. આમ બૂરાઈને બલાઈથી જીતાવી એનું નામ જ સત્યાગ્રહ."[૧] ગાંધીજીને મન, સત્ય, અહિંસા અને સત્યાગ્રહ શું છે તેની વિગતે ચર્ચા કરીશું.

**ગાંધીજીને મન સત્ય :**

'સત્ય' શબ્દ સત માંથી છે. સત એટલે હોવું. સત્ય તે હોવાપણું પરમેશ્વરનું ખરું નામ જ 'સત' એટલે 'સત્ય' છે. તેથી પરમેશ્વર 'સત્ય' છે. એમ કહેવા કરતાં 'સત્ય એ જ પરમેશ્વર' છે એમ કહેવું વધારે યોગ્ય છે.[2] પણ હું પુજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું. એ એક જ સત્ય છે અને બીજું બધું મિથ્યા છે. એ સત્ય મને જડ્યું નથી, પણ હું શોધક છું. એ શોધવાને અર્થે જે વસ્તુ મને પ્રિયમાં પ્રિય હો તેનો ત્યાગ કરવા હું તૈયાર છું અને એ શોધરૂપી યજ્ઞમાં આ શરીરને પણ હોમવાની મારે તૈયારી છે અને શક્તિ છે એવો મને વિશ્વાસ છે. પણ એ સત્યનો હું સાક્ષાત્કાર ન કરું ત્યાં લગી મારો અંતરાત્મા જેને સત્ય ગણે છે તે કાલ્પનિક સત્યને મારો આધાર ગણી, મારી દીવાદાંડી ગણી, તેને આશ્રયે મારું જીવન હું વ્યતિત કરું છું.[3]

સત્ય એક વિશાળ વૃક્ષ છે. તેને જેમ સેવે તેમ તેમાંથી અનેક ફળ નીપજતાં જોવામાં આવે છે. તેને અંત જ હોતો નથી. જેમ જેમ તેમાં ઊંડે ઊતરીએ તેમ તેમ તેમાંથી રત્નો મળ્યા કરે છે. સેવાના પ્રસંગો જડ્યા કરે છે.[4]

**ગાંધીજીને મન અહિંસા :**

સામાન્ય રીતે લોકો સત્ય એટલે સત્યવાદીપણું એટલો જ સ્થૂળ અર્થ સમજે છે. પણ સત્ય વાણીમાં સત્યના પાલનનો પૂરો સમાવેશ થતો નથી. તેમ સામાન્ય લોકો બીજા જીવને મારવો નહીં, એટલો જ અહિંસાનો સ્થૂળ અર્થ કરે છે. પણ કેવળ પ્રાણ ન લેવો એટલે થી અહિંસાની સાધના પૂરી થતી નથી. અહિંસા એ માત્ર આચરણનો સ્થૂળ નિયમ નથી, પણ એ મનની વૃત્તિ છે. જે વૃત્તિમાં ક્યાંક પણ દ્વેષની ગંધ સરખી રહે નહીં તે અહિંસા. એવી અહિંસા સત્યના જેટલી જ વ્યાપક છે. એવી અહિંસાની સિદ્ધિ થયા વિના સત્યની સિદ્ધિ થવી અશક્ય છે. માટે સત્ય એ, બીજી રીતે જોઈએ તો, અહિંસાની પરાકાષ્ઠા જ છે. પૂર્ણ સત્યને અને પૂર્ણ અહીસામાં ભેદ નથી : છતાં સમજવાની સગવડ માટે સત્યને સાધ્ય અને અહિંસાને સાધન ગણ્યું છે. સત્ય અને અહિંસા સિક્કાની બે બાજુઓ જેવી છે.

ગાંધીજી એ કહ્યું છે કે – મારી આખી જિંદગી મેં એક પ્રકારનો જુગાર ખેલ્યો છે. સત્ય શોધવાની ધગશમાં, અને અહિંસા વિશેની મારી શ્રદ્ધાને અનુસાર નિઃશંક રીતે પ્રયોગો કર્યે જવામાં મેં ગમે તે ભયંકર જોખમ ખેડતા પાછું ફરીને જોયું નથી. પણ તેમ કરવામાં મેં ભૂલ કરી હોય તો દરેક યુગમાં અને દરેક દેશમાં થયેલા સુપ્રસિદ્ધ શાસ્ત્રીઓની જેમ ભૂલ કરી છે. તેઓ પોતાની જિંદગી સાથે ઓછો જુગાર નથી રમતા.[5] હું અહિંસાનો પાઠ મારી પત્ની પાસેથી શીખ્યો. હું એને હંમેશા મારી ઈચ્છા આગળ નમાવવા મથતો. એ એક તરફથી મારી ઈચ્છાનો નિશ્ચયપૂર્વક દઢપણે સામનો કરતી અને બીજી બાજુએથી હું મારી જડતાનો માર્યો એના ઉપર જે કાંઈ વિતાડું તે બધું શાંતિપૂર્વક બરદાસ કરતી. એના આ શાંતિમય વિરોધે અંતે મારી આંખ ઉઘાડી. મને મારી શરમનું ભાન કરાવ્યું અને હું એના ઉપર ધણીપણું ચલાવવાને સારું જન્મ્યો છું. એ મૂર્ખાઈ ભર્યા મનોરાગ માંથી સાજો થઇ ઊગરી ગયો. આમ અંતે એ મારી અહિંસા શીખવનાર ગુરુ બની.[6]

ગાંધીજીએ પોતાના વ્યક્તિગત જીવનમાં સત્ય અને અહિંસાને આત્મસાત કર્યો પરંતુ તેઓ એટલા માત્રાથી સંતુષ્ઠ નહોતા તેઓ સમગ્ર હિન્દુસ્તાન સત્ય અને અહિંસાનાં પથ પર

સ્વતંત્ર બને તેવું ઇચ્છતા હતા. તેઓએ કહ્યું છે કે, 'હિન્દુસ્તાન તલવારનો સિદ્ધાંત અપનાવશે તો એ ક્ષણિક વિજય હાંસલ કરશે, એ સ્થિતિમાં હિન્દુસ્તાન મારા દિલના ગૌરવ તરીકે મટી જશે. હું હિન્દુસ્તાનને વરેલો છું કેમ કે મારું જે કંઈ છે તે બધું તેને જ આભારી છે. હું સંપૂર્ણ રીતે માનું છું કે તેણે દુનિયાને એક સંદેશો આપવાનો છે. તેણે યુરોપનું આંધળું અનુકરણ કરવાનું નથી, જો હિન્દુસ્તાન હિંસાનો નીતિ તરીકે સ્વીકાર કરે અને હું જીવતો રહ્યો હોઉં તો હું હિન્દુસ્તાનમાં રહેવા નહિ ઈચ્છું, મારી દેશભક્તિ મારા ધર્મને આધિન છે. બાળક માની છાતીએ વળગે તેમ હિન્દુસ્તાનને હું વળગી રહ્યો છું.'[૭]

અંગ્રેજોના અત્યાચારી ઝુલામોની સામે દેશમાં બે પ્રકારના જુવાળ હતા બંને આઝાદી માટે સંઘર્ષ કરવા તેમજ સર્વસ્વ ત્યાગી દેવા કૃતસંકલ્પ હતા. એક વર્ગ હિંસાને માર્ગે આઝાદી મેળવવાનો આગ્રહી હતો અને બીજો વર્ગ ગાંધી ચિંધ્યા માર્ગે સત્ય, અહિંસા, અને સત્યાગ્રહનું આચરણ કરતા અંગ્રેજોને વિદાય કરી સ્વદેશી શાસન સ્થાપવાના પક્ષે હતો. આ સમયમાં ધારાસભામાં બોંબ ફેંકવાના મુદ્દે ભગતસિંહ અને સાથીઓને ગૂપસૂપ ફાંસી દેવાના અંગ્રેજી શાસનના કૃત્ય સામે દેશમાં એક મોટો જુવાળ ઉભો થયો હતો કે હિંસાના માર્ગે અંગ્રેજોનો દેશ નિકાલ કરવો આવા સંજોગોમાં પણ ગાંધીજી અને તેમના સમર્થકો ચલીત થયા નહોતા – આવા જ એક સમર્થક સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પર ગાંધીજીના સત્ય અને અહિંસાના વિચારોની અસર થયેલી જોવા મળે છે. તેનું એક ઉદાહરણ નીચે પ્રસ્તુત છે.

માર્ચ ૧૯૩૧ માં કોંગ્રેસનું ૪૫ મું અધિવેશન કરાંચીમાં ભરાયું તે પ્રસંગેના પ્રમુખ તરીકે સરદાર પટેલે જણાવ્યું હતું કે,

'નવજવાન ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને થોડા જ દિવસ ઉપર ફાંસી મળી છે તેથી પારાવાર ઉકળાટ થયો છે, એ યુવકોની કાર્યપદ્ધતિની સાથે મારે નિસબત નથી, બીજા કોઈપણ હેતુને માટે ખૂન કરવું તેના કરતા દેશને માટે કરવું એ ઓછું નિંધ છે એમ હું માનતો નથી. છતાં ભગતસિંહ અને તેના સાથીઓની દેશભક્તિ, હિંમત અને બલિદાન આગળ મારું શિર ઝૂકે છે. આ યુવાનોને થયેલી ફાંસીની સજા બદલીને દેશનિકાલની કરવામાં આવે એવી લગભગ આખા દેશની માગણી છતાં સરકારે એમને ફાંસી દઈ દીધી છે. એ હાલનું રાજતંત્ર કેટલું હૃદય શૂન્ય છે એ પ્રગટ કરે છે.'

પણ આપના ઉકળાટ અને આવેશમાં આપણે આપના ધ્યેયથી ચલિત ન થવું જોઈએ. આ આત્માંહિન કાષ્ઠવત ચાલતા રાજતંત્રની સામે આપણે જે ભયંકર તહોમતનામું ઘડેલું છે. તેમાં હથિયાર ઉપર અવલંબેલી એની સત્તાનું આ તાજું, ઉદ્ધત પ્રદર્શન વધારો કરે છે. જો લોકમત ઉપર થયેલો આ અત્યાચાર અહિંસાના ખાડાની ધાર જેવા આપના પંથ થી આપણને ન ચલાવે તો આપણી સ્વરાજ માટેની લાયકાત સિદ્ધ કરવાની શક્તિ એથી ઘણી વધી જશે, એ બહાદૂર દેશભક્તના આત્માને પ્રભુ શાંતિ આપે અને પોતાના દુઃખ અને શોકમાં આખો દેશ સહભાગી છે એ જ્ઞાનથી તેમના કુટુંબનું કંઈક સમાધાન થાઓ.[૮]

આમ ગાંધીજીએ 'અહિંસા પરમો ધર્મ' ગીતાના દિવ્ય સંદેશને પોતાના જીવનમાં આત્માસાત કર્યો હતો અને અહિંસાની લડતથી જ તેમને દેશને આઝાદી અપાવી હતી. જે નાની સૂની વાત નથી.

**ગાંધીજીને મન સત્યાગ્રહ :**

ગાંધીજીની મુખ્ય વિચારધારાનો મુખ્ય ભાગ 'સત્યાગ્રહ' હતો. ગાંધીજીએ આ પ્રયોગ દક્ષિણ આફ્રિકામાં અપનાવ્યો અને વિકસાવ્યો હતો. પરંતુ ૧૯૧૯ પછીના ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ એનું ખૂબ જ મહત્વ હતું. ગાંધીજીના મત પ્રમાણે હિંસા આચરવાને બદલે સત્યાગ્રહના પ્રયોગમાં પોતે કષ્ટ સહીને એ રીતે કરવો જોઈએ કે શત્રુને આપણી વાત માનવા તૈયાર કરી શકાય. ગાંધીજીએ સત્યાગ્રહ અને શાંત વિરોધ વચ્ચેનો તફાવત આ રીતે કર્યો છે તેમને લખ્યું છે કે, -

'શાંત વિરોધ અને નબળી વ્યક્તિનું શસ્ત્ર છે, જેમાં હિંસા અને શારીરિક શક્તિનો પ્રયોગ પોતાના ઉદ્દેશની પૂર્તિ માટે કરવામાં આવે છે, જ્યારે સત્યાગ્રહ તો શક્તિશાળી વ્યક્તિનું શસ્ત્ર છે, અને તેમાં કોઈપણ પ્રકારની હિંસાનો પ્રયોગ થતો નથી.'[૯]

હકીકતમાં ગાંધીજી માટે સત્યાગ્રહ માત્ર એક રાજનૈતિક શસ્ત્ર ન હતું પરંતુ તેમના જીવનદર્શન અને સિદ્ધાંતોના વ્યવહારનું એક જ અંગ હતું. ગાંધીજીને શ્રદ્ધા હતી કે માનવજીવનનું અંતિમ લક્ષ્ય સત્યની ખોજ છે. કોઈ વ્યક્તિ વાસ્તવિક સત્યને પૂર્ણતઃ સમજી શકાતું નથી છતાં બીજી વ્યક્તિની એ ખોજમાં કોઈ પ્રકારે વિઘ્ન ન કરતુ હોવું જોઈએ. ગાંધીજી જાણતા હતા કે કદાચ એકતાના પ્રશ્ન કરતાં પણ પહેલો પ્રશ્ન આવે લોકશિક્ષણ દ્વારા લોકજાગૃતિનો. બીજા કોઇએપન આંદોલનની માફક સત્યાગ્રહ સારૂં પણ લોકશિક્ષણ જરૂરી છે. પરંતુ સત્યાગ્રહ સારૂં એ બીજા કોઇપણ આંદોલન કરતા વધારે અનિવાર્ય છે. કારણ સત્યાગ્રહનો મુખ્ય આશય પોતાનો વિચાર સામા પક્ષને ગળે ઉતારવાનો હોય છે. એટલે સત્યાગ્રહ મુખ્યત્વે વિચાર પર આધારિત છે. સ્વેચ્છાપૂર્વક કષ્ટસહન દ્વારા સત્યાગ્રહી પોતાના વિચારને વધુ પ્રભાવશાળી અવશ્ય કરે છે. – ગાંધીજીએ કહ્યું હતું કે, 'સત્યાગ્રહ' શબ્દ ઘણી વાર વગર વિચારે ગમે તેમ વાપરવામાં આવે છે અને એમાં ગર્ભિત હિંસાનો સમાવેશ કરવામાં આવે છે. પણ એ શબ્દના ઉત્પાદન તરીકે હું કહું છું કે એમાં પ્રત્યક્ષ કે પરોક્ષ, ગુપ્ત કે પ્રકટ કે મન-વચનને કર્મની હિંસાનો સમાવેશ નથી થતો. વિરોધીનું બુરૂં તાકવું કે તેને દૂભાવવાના ઈરાદાથી તેની પ્રત્યે કે તેને વિશે કઠોર વેણ કાઢવાં એમાં સત્યાગ્રહની મર્યાદાનું ઉલ્લંઘન છે. સત્યાગ્રહમાં નમ્રતા હોય છે. સત્યાગ્રહી કદી કોઇ એના પર પ્રહાર કરતો જ નથી. એ ક્રોધ કે દ્વેષનું પરિણામ ન જ હોવો જોઈએ. હિંસાના સંપૂર્ણ ત્યાગ તરીકે જ સત્યાગ્રહની કલ્પના કરવામાં આવી છે.[૧૦]

સત્યાગ્રહ આંદોલનોની તાકાતો જોઇને ગાંધીજી હર્ષિત હતા. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહોમાં ભાગ લેનાર લોકોએ કષ્ટ સહેવાની જે અસાધારણ શક્તિ દેખાડી હતી તેમાં ગાંધીજીને આંદોલનની સાચી શક્તિ દેખાઈ હતી. ગાંધીજીના સત્યાગ્રહના સાધન વિશે એની અસરકારકતાનો થોડો અનુભવ પણ તેમને થઇ ચૂક્યો હતો. ગાંધીજીને એવી શ્રદ્ધા હતી કે સત્યાગ્રહનો સિદ્ધાંત ભારતીય દર્શનને આધારે ઉભો છે. એટલે તે હિન્દુસ્તાનની જનતાના હ્રદયમાં અવશ્ય પડઘો પાડશે. ગાંધીજીને પોતાને આ સિદ્ધાંત વિશે એટલી આસ્થા હતી કે દેશમાં કોઈનો સહકાર ન મળે તો પણ તેઓ એકલા એ રસ્તે જવા તૈયાર હતા. સત્યાગ્રહ એક અને એકમેવ તારક માર્ગ છે. એવી શ્રદ્ધા અને આત્મવિશ્વાસ સાથે તેઓએ ભારતની ભૂમિ પર પગ મૂક્યો હતો.

ગાંધીજીના સત્યાગ્રહનો પ્રયોગ આજે તો સામુહિકરૂપે સામાજિક દબાવ દ્વારા અન્યાયીને અન્યાય કરતો રોકવા માટે થાય છે. આ તો સત્યાગ્રહનો એક વ્યવહારું ઉપયોગ કહેવાય. એનું પણ પ્રયોજન છે. ગાંધીજીનો સત્યાગ્રહ એ તો એક આધ્યાત્મિક ચીજ છે. જે અન્યાયી છે તે હું જ છું તે મારો આત્મા છે.[૧૧] 'ગાંધીજીને મન અન્યાયીને કાયદાનું પાલન એ સ્વાતંત્ર્ય માટેનો અન્યાયી સોદો છે. આથી જ ચંપારણના સત્યાગ્રહ વખતે મેજીસ્ટ્રેટ સામે નિવેદન કરતાં એમણે કહ્યું હતું કે, "મારી ઉપર બજાવવામાં આવેલા હુકમનો મેં અનાદર કર્યો છે, પણ એ એટલા માટે નહીં કે વિધિસરની સત્તા કે અધિકારીઓ માટે મારા દિલમાં માન નથી. મેં તો એક ઉચ્ચતમ નિયમ, અંતરાત્માના અવાજને આધીન થઇ આમ કર્યું છે."[12]

**સમાપન :**

આમ, ગાંધીજી તેમના દૃઢ નિશ્ચય, સત્ય, અહિંસા, નિર્ભીકતા, સાદગી, સ્વાવલંબન અને છેવાડાના માણસ માટેની નીસબતાને કારણે રાષ્ટ્રપિતા, મહાત્મા અને સ્વાતંત્ર્યની અહિંસક લડતના જનક બન્યાં. સાંપ્રત સમયમાં આતંકવાદી કૃત્યો દિન-પ્રતિદિન વધી રહ્યા છે, તેમજ હિંસક ઘટનાઓ પણ વધતી જાય છે જાણે કે હિંસા જ વર્તમાનપત્રોના મુખ પૃષ્ઠ બની ગઈ છે, બેકારી અને ગરીબી દિન-પ્રતિદિન વધતી જાય છે – આ સર્વે સમસ્યાનો વિકલ્પ જડતો નથી ત્યારે અચૂક આપણને ગાંધીજીના એ સત્ય, અહિંસા અને સત્યાગ્રહ જેવા શબ્દો યાદ આવે અને એ જ આવી સર્વે સમસ્યાનો વિકલ્પ છે.

પાદટીપ :

1. વેગડ અમૃતલાલ 'બાપુને દસ અંજલી', નવજીવન પ્રકાશન, અમદાવાદ, પૃ. ૨૫
2. ગાંધીજી 'મંગળ પ્રભાત', નવજીવન પ્રકાશન, અમદાવાદ, પૃ.૧
3. આર.કે. પ્રભુ અને યુ.આર. રાવ, 'મહાત્મા ગાંધીના વિચારો', નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પૃ. ૩૯
4. આર.કે. પ્રભુ અને યુ.આર. રાવ, 'મહાત્મા ગાંધીના વિચારો', નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પૃ. ૩૯
5. આર.કે. પ્રભુ અને યુ.આર. રાવ, 'મહાત્મા ગાંધીના વિચારો', નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પૃ. ૧૦૪
6. આર.કે. પ્રભુ અને યુ.આર. રાવ, 'મહાત્મા ગાંધીના વિચારો', નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પૃ. ૧૦૫
7. આર.કે. પ્રભુ અને યુ.આર. રાવ, 'મહાત્મા ગાંધીના વિચારો', નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પૃ. ૧૪૯
8. સિદ્ધાર્થ નરહરિ ભટ્ટ, 'સરદારની વિચારસૃષ્ટિ', પ્રકાશક : કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને ૧૨૫ મી જન્મજયંતી ઉજવણી સમિતિ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ૨૦૧૧.
9. દેસાઈ મગનભાઈ 'સત્યાગ્રહની સપ્તપદી', ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પૃ.૧૫૪
10. આર.કે. પ્રભુ અને યુ.આર. રાવ, 'મહાત્મા ગાંધીના વિચારો', નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, પૃ. ૩૯
11. રાવલ ગોવિંદભાઈ, 'સકલપુરુષ', ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પૃ. ૪૧
12. યંગ ઇન્ડિયા, પૃ. ૧૧, ૧૯૩૨